# ડીસાનાં રેજીમેન્ટમાં વીજ પોલ ધરાશાઈ

## શહેરમાં ૫૦થી વધુ ડીપી ભયજનક

ડીસા, તા.૧૫

વહેપારી મથક ડીસાના શ્રમજીવી વિસ્તાર એવા રેજીમેન્ટમાં અકસ્માતે એક જીવતા વીજ વાયરો સાથેનો પોલ મુખ્ય રોડ અવરોધાય તે રીતે ધરાસાઈ થતા અફરા-તફરી મચી હતી, જો કે સ્થાનીકો તે તત્કાલીન વીજ કંપનીને જાણ કરતાં વીજ કર્મીઓ દોડી આવ્યા હતા અને રસ્તા અવરોધક બનેલા થાંભલાને દૂર કરવા યુદ્ધના ધારણો સમારકામ હાથ ધર્યું હતું. જો કે દિવસે આ અકસ્માત થતાં મોટી જાનહાની ટળી હતી.

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસાનાં રેજીમેન્ટ વિસ્તારમાં એક વીજ પોલ અકસ્માતે ધરાશાઈ ગયો હતો, આ વીજ પોલ પાલિકાની ગટર લાઈનનાં નજીક હોઈ નિત્ય પાણીમાં રહેતા તેના થડમાં કોહવાટ લાગ્યો હતો અને તેવાજ સમયે આ પોલને અકસ્માતે એક ટ્રેક્ટરનું ટાયર અડતા આ સડેલો પોલ ધરાશાઈ થયો હતો, અને ભારે અફરા-તફરી મચી હતી, એટલું જ નહિ આ અકસ્માત સવારે થયો હોઈ લોકો પડતો પોલ જોઈ સાચેત થતા મોટી જાનહાની તળી હતી, જો કે વીજ કંપનીની નિષ્ક્રિયતા એ સમગ્ર ડીસા શહેરી વિસ્તાર જાણે રામભરોસે હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામેલ છે અને ડીસાની ગલી મહોલ્લા અને જાહેર રસ્તા પર ખુલ્લા કાર્ટીઝ, અને ડીપી, મોતનાં ખતરા રૂપ બનેલ છે. ચોમાસું જયારે માથા પર છે, તો વળી, વીજ પોલ મુખ્ય રસ્તો અવરોધાય તે રીતે તૂટી પડતા વાહન વ્યવહાર પર કલાક સુધી ખોરવાયો હતો, જે બાદ ઘટનાની કરાતા વીજ વિભાગ દોડતું થયું હતું અને સમારકામ હાથ ધાર્યું હતું, જો કે આ બનાવથી લોકોમાં વીજ તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો, અને આવા જીવલેણ ફોલ્ટ અવારનવાર થતાં હોવા છતાં વીજ વિભાગ નિષ્ક્રિય રહેતું હોવાનું જણાવ્યું હતું.

આ અકસ્માત બાદ ડીસા શહેરી વિસ્તારનાં વીજ ઉપકરણોની હાથ ધરેલી તપાસમાં અનેકો ગંભીર બેદરકારી સામે આવેલી છે દેશના તમામ રાજયો અને શહેરો ચોમાસામાં આગોતરા આયોજનમાં લાગ્યા છે અને કોઈ અકસ્માત ન સર્જાય તે માટે પાલિકા એ સફાઈ અભિયાન જયારે વીજ વિભાગે ભયજનક વીજ વાયરો, કાર્ટીઝ અને તાણીયાનું સમારકામ હાથ ધરી નાગરિકોને ભય મુક્ત કરવા અને અકસ્માત નિવારવા તેમજ વીલ ફોલ્ટે અંધારપટ ન સર્જાય તે માટે મોટા ઉપાડે કામગીરી હાથ ધરી છે. ત્યારે બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસામાં શહેરમાં ગલી-મહોલ્લા-માર્ગોમાં મોતનો વીજ ખતરો મંડરાઈ રહ્યો છે. આ દશ્યો ડીસાનાં ભયજનક માહોલની ગવાહી પુરે છે, અહીં દેખાતી વીજ ડીપીમાં ખતરાં દર્શાવતા બોર્ડ તો મુકાયા છે પણ આ મોતનાં ખતરાં રૂપ ડીપી ભય જનક રીતે અસુરક્ષિત છે, અહીં એક બે નહિં શહેરની આશરે ૩૦ થી વધુ ડીપી અને ૧૦૦ થી વધુ પોલ પરનાં વાયરો ભયજનક બનેલ છે.

અહીં સહુથી વધુ અચરજ પમાડતી વાત તો એ છે કે હેવી વિદ્યુત ઉપકરણોમાં જયારે કોઈ કારણોસર શોર્ટ-સર્કીટ સર્જાય તો ફયુજનો નિયમ ઉપયોગમાં આવતો વાયર પીંગળી જાય છે અને તેના લીધે લાઈન બંધ થઈ જાય છે અને તેનાથી મોટો વીજ અકસ્માત નિવારી શકાય છે. જો કે અહીં આ સિદ્ધાંતથી વિપરીત વીજ હેવી લાઈનમાં ઉપયોગમાં આવતા જાડા એલ્યુમિનિયમનાં વાયરો નિયમ વિરૂદ્ધ લગભગ તમામ ફયુઝમાં ભયજનક રીતે દશ્યોમાં દેખાય તે રીતે લગાવેલ છે. જેનાથી જો વીજ ફોલ્ટ સર્જાય તો ફયુઝ ડીફયુઝ ન બનતાં શહેરીજનોએ અનેક વખતે પોતાના ટીવી, પંખા, અને અન્ય કીમતી વીજ ઉપકરણોનો શોટ શર્કિટે ગુમાવ્યા છે. મુખ્ય માર્ગો ઉપરથી પસાર થતા ભયજનક વાયરો નીચે ગાર્ડ લાઈન વાયરો લગાવેલ નથી, વીજ પોલો વાંકા વળી જવા, તાણીયા તૂટી જવા અનેક ફોલ્ટોથી શહેર ભરની લાઈનો ખોટવાયેલી છે. જેનાથી રોજનાં ૩૦૦ થી વધારે વીજ ફોલ્ટો કચેરીમાં નોંધાય છે, જેમાં તાજેતરમાં ૨૫ મે, ૨૦૧૪ના રોજ શહેરીજનોને આખો દિવસ વીજળી વિના રાખ્યા હતા અને કહેવાતું અંદાજીત ૫ લાખનું સમારકામ કરાયું હતું, જોકે શહેરનાં વીજ ઉપકરણો અને પોલ, તેમજ ડીપીની સ્થિતિ દયાજનક અને ભયજનક છે, શહેરમાં ૩૧,૦૦૦ હજાર રેસિડેન્ટ, કોમર્શિયલ ઈન્ ઈન્ડસ્ટ્રીયલ વીજ કનેકશનો છે. જે રામભરોસે ચાલે છે, મસ મોટા દર યુનિટમાં રૂપિયા ચુકવતી વીજ કંપનીની સેવાનાં નામે નિષ્ક્રિય છે. જેનું ઉત્તમ ઉદાહરણ ડીસા છે ત્યારે આ કામગીરીની જેમની જવાબદારી છે તે ડીસાનાં નાયબ ઈજનેર એન.એચ. પટેલ 'સબ સલામત' નો ઢોલ પીટી રહ્યાં છે. આ તમામ ગંભીર બાબતો જાહેર હિતાર્થે નિવારવી જરૂરી છે, કેમ કે આ બાબતની અવગણનાથી શહેરમાં ચોમાસા સાથે ગમે તે ઘડીએ મોટો જીવલેણ અકસ્માત સર્જાઈ શકે છે. ત્યારે વીજ તંત્ર કુંભકર્ણની નિંદામાંથી કયારે જાગશે તે શહેરમાં યક્ષ પ્રશ્ન બનેલ છે.

# મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં માતાના પ્રેમીની જ પુત્રએ હત્યા કરી



(તસવીર : અહેમલ ઉલ્લા, મોડાસા)



મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં પોતાની વિધવા ભાભીને લઈ ૯ મહીના પહેલા ફરાર થઈ જનાર પ્રેમી પરત ઘેર ફરતા શબક શિખવાડવાના આશયે ૪ પુત્રોએ ભેગા મળી પ્રેમીને ચપ્પાના ઘા ઝીંકી દઈ હત્યા કરતાં ચકચાર પ્રસરી છે. મોડાસા ટાઉનપોલીસે ગુનો નોંધી ફરાર આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા શહેરના 'ધારાવી' વિસ્તાર તરીકે પ્રખ્યાત સર્વોદયનગરમાં દિનેશ ખેતાભાઈ સલાટ (ઉ.વ.૪૫) રહેતો હતો તેણે આજથી નવ મહિના પહેલા પોતાની ભાભી ક્રિષ્ણાબેન નારણભાઈ સલાટ જોડે આંખો મળી ગઈ હતી અને બંને પ્રેમીઓ પરણિત હોવા છતાં આજથી ૯ મહિના પહેલા ભાગી ગયા હતા. ભાગી જનાર ક્રિષ્ણા સલાટ વિધવા હતી અને સંતાનોમાં ૪ પુત્રો હતા. તેથી તેના પુત્રોના મનમાં બદલાની ભાવના જાગૃત બની હતી. ગઈ કાલે જ નવ મહિના પહેલાં ભાગી જનાર દિનેશ સલાટ ઘેર પરત ફરતાં જ ક્રિષ્ણા સલાટના ૪ પુત્રો દિનેશના ઘેર પહોંચી ગયા હતા અને ચપ્પાના ઘા ઝીંકી તેની હત્યા કરી નાંખી હતી. તેને સારવાર માટે સાર્વજનિકમાં લઈ ગયા બાદ તેનું મોત નિપજયું હતું. આ ઘટના બનતાં જ મોડાસા ટાઉન પોલીસ ઈન્સ્પેકટર કનુભાઈ ચૌધરીએ ૪ પુત્રો સામે ગુનો નોંધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

આરોપીના નામ : લાલો નારણ સલાટ, રવિ નારણ સલાટ, મનોજ નારણ સલાટ, નવિન નારણ સલાટ

# પાટણમાં વીરમાયાની સ્મૃતિમાં પુસ્તક રજૂ થયું

મહેસાણા, તા.૧૫

૯૦૦ વર્ષ પહેલા સોલંકી યુગમાં પાટણમાં બંધાયેલા સહસ્ત્ર લીંગ સરોવરમાં પરોપકાર અર્થે વણકર જાતિના નવ યુવાન વીરમાયાનું બલિદાન લેવામાં આવ્યું હતું. પ્રતિ વર્ષ અહીં તેની સ્મૃતિમાં માયા સાતમની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે તેને લઈ ઈતિહાસના આયનામાં વણકર વીરમાયો નામે ડો. પી.એ. પરમાર લિખિત પુસ્તક લખાયું છે. આ પુસ્તક સાહિત્ય, કથા વાર્તા કે નાટક સ્વરૂપે લખવામાં આવ્યું નથી પરંતુ ઐસિહાસિક પરિપ્રેક્ષ્યમાં તેની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

વીર માયાના બલિદાનને લગતા કેટલાક દસ્તાવેજો પ્રાપ્ત થાય છે. એના બલિદાનને સાર્થક કરતા ૪૫ જેટલા ફોટોગ્રાફસ, નકશા, શીલાલેખ, રંગીન ચિત્રો વગેરે પ્રમાણભૂત દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા છે. તેને કારણે આ પુસ્તક ઐતિહાસિક વિરલ, વિશિષ્ટ અને વિશ્વસનીય બન્યું છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વડગામ નજીક વરવાડીયા રોડ ઉપર આવેલ લક્ષ્મીપુરા ખાતે શ્રી યંગ ઈન્ડીયા વેલ્ફેર એન્ડ એજયુકેશન ટ્રસ્ટ વડગામ તથા કેસરબા ફાઉન્ડેશન ગાંધીનગર સંચાલિત કેસરબા જાડેજા વિધા સંકુલનો ઉદ્દઘાટન સમારોહ અને નામાભિકરણવિધિ પાટણના સાંસદશ્રી લીલાધરભાઈ વાઘેલાના વરદહસ્તે કરવામાં આવી હતી. આ વિધાસંકુલમાં કે. જી. થી શરૂ કરી ધોરણ-૧૨ સુધી ભણવાની સુવિધાવાળુ સરસ કેમ્પસ બનાવવામાં આવ્યુ છે. આધુનિક કોમ્પ્યુટર લેબ, ફર્નિચર, બાલમંદિરના બાળકો માટે બાલવર્ગ, ફાયર સેફટી સહિત વિધાર્થીઓને શાળાએ જવા-આવવા બસની પણ ફેસેલીટી છે.

# ઊંઝામાં ટપાલ વિભાગ દ્વારા ટપાલ વ્યવસ્થામાં રેઢિયાળપણું

ઊંઝા, તા. ૧૫

ઉંઝા તાલુકામાં છેલ્લા ઘણા વખતથી પોસ્ટ ખાતાની ટપાલ વ્યવસ્થાનું તંત્ર ખાડે જતાં લોકો પરેશાની ભોગવી રહ્યા છે.

ભૂતકાળમાં આઝાદી બાદ સમગ્ર દેશમાં પોસ્ટ ખાતા મારફતે ટપાલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જે વર્ષો સુધી જળવાયેલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ટપાલ વ્યવસ્થામાં રેઢિયાળપણું વધી જતાં હાલમાં આ વ્યવસ્થા ભાંગી પડી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

ટપાલની આવન-જાવન સાથે સંકળાયેલ આર. એમ. એસ.નું તંત્ર મદદઅંશે બંધ થયેલ છે અને પોસ્ટ ઓફિસો મારફતે ટપાલની શોર્ટીંગની વ્યવસ્થા કરી રેલવે તથા એસ.ટી. બસો મારફતે ટપાલ મોકલવામાં આવી રહી છે. આમાં ઊંઝા અને વિસનગર તાલુકાના હાઈવેને જોડતા મોટા ગામો જેવા કે ભાન્ડુ, ઉનાવા, બ્રાહ્મણવાડા તેમજ અન્ય ગામોની ટપાલો એસ.ટી.ની ચોક્કસ લોકલ બસો મારફતે જાય છે. જેમાં મોટાભાગે બસોની અનિયમિતતાને કારણે ટપાલો ખૂબ મોડેથી મળે છે તેમજ કેટલીક ટપાલો ગુમ થઈ જાય છે.

જે બસોમાં ટપાલ મોકલાય છે તે બસો મોટા ભાગે અનિયમિત દોડે છે અથવા તો ઘણીવાર આ બસોની ટ્રીપો રદ્ થાય છે. પરિણામે ટપાલના થેલાઓ જે તે સ્થળે પડ્યા રહે છે અને જ્યારે સગવડ થાય ત્યારે ટપાલની રવાનગી થતી હોય છે. આવી સ્થિતિમાં ટપાલની અનિયમિત આવન-જાવનને લીધે જે તે ગામોમાં ખૂબ જ મોડેથી લોકોને ટપાલો મળે છે. ટૂંકા અંતરમાં પણ ચાર-પાંચ દિવસે ટપાલ મળતી હોય છે અને કેટલીયવાર ટપાલો ગુમ થવાના તેમજ ગેરવલ્લે જવાના કિસ્સાઓ બને છે. સાદા મનીઓર્ડરો, રજીસ્ટ્રર પત્રો તેમજ સાદી ટપાલોને એકબીજા સ્થળે પહોંચવામાં દિવસો વીતી જાય છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના આબુ હાઈવે પર આવેલા હિમાલય બંગ્લોઝમાં વેગનઆર ગાડી ખરીદવા ગયેલા ચેતનભાઈ ગુપ્તાને ગાડી માલિક ડૉકટર અનિલભાઈ જોશી સાથે શાબ્દિક બોલાચાલી થઈ હતી તેના પગલે ગાડી માલિક અનિલ જોશીએ ધાર્યું મારતા ચેતન ગુપ્તાને માથાના ભાગે ઈજા પહોંચી હતી જેમને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ડીસામાં દબાણ હટાવ ઝૂંબેશથી રસ્તા ખુલ્લા થયા



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૫

ડીસા શહેરમાં નગરપાલિકા અને ટ્રાફિક પોલીસના દબાણ હટાવ ઝુંબેશથી શહેરના લેખરાજ ચાર રસ્તા, ફુવારાથી બગીચા સુધી રસ્તો એકદમ ખુલ્લો બની ગયો હતો. જેના કારણે વાહનચાલકોએ રાહતનો દમ ખેંચ્યો હતો.

ડીસા શહેરમાં ટ્રાફીકને અવરોધક ઉભી રહેતી બારીઓની સમસ્યાથી લોકો તંગ આવી ગયા હતા. લારીઓવાળાએ આડેધડ લારી લગાવી દઈને રસ્તાને એકદમ સાંકડો કરી નાખતા એક બીજા વાહનને ઓવરટેક કરવુ પણ મુશ્કેલ બૂન્યું હતું. શહેરમાં સતત વાહનો અને લોકોની અવરજવર વચ્ચે રોડની બન્ને સાઈડોમાં લારીઓના ખડકલાથી ટ્રાફીક સમસ્યા વકરી હતી. ભગવતી ચોક, લેખરાજ ચાર રસ્તા, બગીચા, ફુવારા સર્કલ પર સતત ટ્રાફીક ચક્કાજામના દશ્યો જોવા મળતા હતા. જો કે ટ્રાફિકને નડતરૂરરૂપ ઉભી રહેતી લારીઓવાળા પર નગરપાલિકા અને ટ્રાફીક પોલીસના કેટલાક કર્મીઓની રહેમ નજર હોવાનું પણ ચર્ચાતુ હતુ. જો કે પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલના આદેશથી પોલિકાએ ટ્રાફિક પોલીસની મદદથી કોઈપણ જાતની શેહ શરમ વિના લારીઓના દબાણ દૂર કરતા રસ્તાઓ એકદમ ખુલ્લા બની ગયા હતા ત્યારે લોકોમાં ચર્ચાતુ હતુ કે આ સ્થિતિ કાયમી રહેશે કે પછી ? બે દિવસ બાદ ફરી લારીઓનો ખડકલો મંડાશે ?

# પ્રાંતિજની શાળાઓમાં 'પ્રવેશોત્સવ' યોજાયો

પ્રાંતિજ, તા.૧૫

ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ ૨૦૧૪ અંતર્ગત પ્રાંતિજ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરી ભૂલકાઓને વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજના ટીડીઓ તેમજ પ્રાંતિજ તાલુકા પ્રા.શિ. અધિકારીના માર્ગદર્શન હેઠળ તમામ ગામડાઓમાં કોઈ પણ બાળક શિક્ષણ પ્રવેશથી વંચિત ન રહે તે માટે શાળા પરિવારોએ મૂલ્યાંકન કરી બાળકોના પ્રવેશની વ્યવસ્થા કરી છે. પ્રાંતિજ, ઘડી, દલપુર, સીતવાડા, બોરીયા સહીતની પ્રાથમિક શાળાઓમાં નાના નાના ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં રાજયકક્ષાના શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી, સાંસદસભ્ય દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ રાઠોડ, વી.ડી.ઝાલા, નિર્ભયસિંહ રાઠોડ, દોલતસિંહ ઝાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને તિથિ ભોજન તેમજ શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઊંઝામાં ગુનાખોરીનો ગ્રાફ વધતા લોકોમાં રોષ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરુદ્ધના તેમજ અન્ય ગુનાઓનું પ્રમાણ ખુબ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતાં લોકો અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે.

ઊંઝા શહેર અને તાલુકાના ગામોમાં છેલ્લા ઘણા વખતથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ જેવી કે મંદિર, વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ, ચેઈન સ્નેચીંગ તેમજ અન્ય ગંભીર પ્રકારનાં ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ ઉપરાંત અસામાજિક પ્રવૃત્તિઓએ પણ ભારે ઉપાડો લીધો છે તેવું ચર્ચાય છે. છેલ્લા બે - ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસ તંત્ર નિષ્ફળ નિવડેલ છે.

છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન સ્થાનિક પોલીસ મથકે મિલકત વિરુદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયા છે જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરુદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી. તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતું નથી તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી. આમ, કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

કહે છે કે, મિલકત વિરુદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં ખાસ્સી મહેનત કરવી પડે છે અને આર્થિક રીતે કંઈ લાભ થતો નથી. એટલે આવા ગુનાઓની તપાસમાં ખાસ રસ દાખવાતો નથી. આવી સ્થિતિમાં વણઉકેલાયેલ ગંભીર પ્રકારના ગુનાઓની સંખ્યા વધતી જાય છે. જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ બાબતને ગંભીરતાપૂર્વક વિચારી મિલકત વિરુદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલાય તે દિશામાં સક્રિય પ્રયત્નો કરવા જોઈએ તેવું આમ જનતા ઈચ્છે છે.

# નવા ગામ કંપા પાસે જીપને અકસ્માત નડયો : અગિયાર મુસાફરો ઘાયલ

ભિલોડા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નવા ગામ કંપા પાસે જીપ ચાલકે જીપ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સવાર ૧૧ મુસાફરોને શરીરે ઈજાઓ થવા પામી હતી.



ભિલોડા તાલુકાના નવા ગામ કંપા પાસે લગ્નપ્રસંગ પતાવી ૧૧ જેટલા મુસાફરો પોતાના ઘર તરફ મેકસ જીપ નં. જીજે ૧૮ એસી ૫૨૬૩માં બેસી પસાર થઈ રહ્યા હતા દરમિયાન જીપ ચાલકે જીપ ઉપરનો કાબુ ગુમાવતા અચાનક અકસ્માત નડયો હતો જેમાં બેઠેલા તમામ મુસાફરોને ઈજાઓ થવા પામી હતી. પરિણામે તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં ગંભીર રીતે ઘાયલ ૫ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા આ અંગે ભિલોડા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન